| | |
|---|---|
| શ્રમ આયુકતની કચેરી, | Office of Labour Commission er, |
| ગુજરાત રાજય, ISO 9001:2015 | Gujarat State, ISO 9001:2015 |
| બ્લોક નં. ૧૧,૧૨ અને ૧૪, | Block NO. 11, 12, & 14, |
| ઉધોગભવન,બીજોમાળ, | Udhyog Bhavan 2nd Floor, |
| સેકટર-૧૧, ગાંધીનગર- ૩૮ ૨૦૧૧, | Sector-11. Gandhinagar-38 2011. |
| ☎ ૦૭૯ ૨૩૨૫૭૫...ફેકસ નં. ૦૭૯ ૨૩૨૫૭૫૧૩ | ☎ No. 079 23257506/38/07923257513 |
| Web: WWW.col.gujarat. gov.in | Web: WWW.col.gujarat.gov.in |

ચૂંટણી પંચ/ સમય-મર્યાદાઃ શ્રઆ.૭/૨૦૧૯/લોકસભા.વિ.સભા/પ્રેસનોટ/૨૭૮
તા. ૩૦-૩-૧૯

વંચાણે લીધોઃ- અધિક મુખ્ય નિર્વાચન અધિકારી,ગુજરાત રાજયનાં પત્રક્રમાંકઃ
ઇએલસી/૧૦૧૯/૧૭૪૩/છ. તા.૧૪/૩/૨૦૧૯,

# પરિપત્ર

અધિક મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં ઉપર્યુકત વંચાણે લીધેલ પત્ર મુજબ લોકસભા મત વિભાગની સામાન્ય ચૂંટણી તથા ૨૧-ઉંઝા, ૯૧-તલાલા, ૬૪-ધ્રાંગધ્રા અને ૮૫-માણાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી તા. ૨૩-૦૪-૨૦૧૯,મંગળવારના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં, ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી રાજયમાં તા.૨૩/૦૪/૨૦૧૯,મંગળવારના રોજ યોજાનાર લોકસભા મતવિભાગની સામાન્ય ચૂંટણી તથા ઉપર જણાવેલ વિધાનસભા મતવિભાગોની પેટા ચૂંટણી માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ મુજબ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજાની બદલી કરીને,

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા હોય તેમને મતદાનના દિવસે રજા મંજૂર કરવી.

(૨) આવી રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહીં મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(૩) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ (૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરી દાતા લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) આ કલમ એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિત ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાન પરિણમે તેમ હોય.

(૫) ભારત નિર્વાચન આયોગના તારીખ.૨/૧૧/૨૦૧૭ના પત્રના પારા નંબર-૨ મુજબ ઉપરોકત જોગવાઇ અનુસાર તમામ સંસ્થાઓ અને દુકાનો, સામાન્ય અને પેટા ચૂંટણીઓ યોજવામાં આવેલ હોય તેવા મત વિભાગમાં મતદાનના દિવસે બંધ રાખવાની રહેશે. જો કે એવા પણ કિસ્સા બને છે કે નોંધાયેલ મતદાર જે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જયાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મત વિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔધોગિક દુકાનો કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવા મતદારો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી(૧) અન્વયે સવેતન રજાનો હકકદાર રહેશે.

(૬) ભારત નિર્વાચન આયોગના સંદર્ભ હેઠળના તા.૨/૧૧/૨૦૧૭ના પત્રના પારા-૩ અનુસાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/ કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

શ્રમ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭(૫)/લોક.સભા તથાવિધાન.સભા/ચુંટણી/૨૦૧૯/૨૫૮ ૨૬૨ તારીખઃ- ૩૦/૩/૧૯

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,ગુજરાત રાજય,બ્લોક નં. ૭,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર. તા.૧૪-૩-૨૦૧૯ પત્રક્રમાંકઃઇએલસી/૧૦૧૯/૧૭૪૩/છ. સંદર્ભે જાણ સારૂ.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.તા.૧૬/૩/૨૦૧૯ના પત્રક્રમાંકઃએમઆઇએસ/૧૦૨૦૧૬/૨૪૭૬૬૮/મ-૩,સંદર્ભે જાણ સારૂ.

(૩) અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ,ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી, મ-૩, શ્રમ અને રોજગાર વિભાગ,ગાંધીનગર.

(૭) અધિક શ્રમ આયુકત,શ્રમ આયુકતની કચેરી,ગાંધીનગર.

(૮) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા/સુરત તાબાની તમામ કચેરીઓને જાણ કરવા સારૂ તથા અમલ કરાવવા સારૂ.

(૯) નિયામકશ્રી માહિતી અને પ્રસારણની કચેરી, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય, ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૧૦) સિલેકટ ફાઇલ.

(17)

## પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ નિયામકશ્રી અખબારી યાદીમાં જણાવે છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ૨૧-ઉંઝા, ૯૧-તલાલા, ૬૪- ધ્રાંગધ્રા અને ૮૫-માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૧૯. તા.૨૩-૦૪-૨૦૧૯, મંગળવારના રોજ યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતા શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. જો કોઇ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી ની જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.